સ.કૃષિ.અનુ./જી.પ./દમણ/Plants/૧૨-૧૩/૧૦/૯૩

જિલ્લા પંચાયત કાર્યાલય ,

કૃષિ અનુભાગ,

મોટી દમણ,

તારીખ . ૨૦/૧૧/૨૦૧૨

પ્રતિ શ્રી,

સરપંચ /સેક્રેટરી

____________________

____________________

**વિષય** :- કૃષિ અનુભાગ, જિલ્લા પંચાયત દમણ, દ્વારા સ્થાનિક ખેડૂતો ને ફળોં ની કલમો/ઔષધિય અને શાકભાજી ના રોપાઓ નું નિ:શૂલ્ક વિતરણ **"વહેલાતે પહેલા ના ધોરણે"** કરવાના પૂર્વ આયોજન સહ, જાણ કરવા બાબત .

સવિનય સાહેબ ..

ઉપરોક્ત વિષય ના સંદર્ભ માં જિલ્લા પંચાયત, કૃષિ અનુભાગ, દમણ દ્વારા " સંપૂર્ણ કૃષિ વિકાસ" યોજના વર્ષ ૨૦૧૨-૧૩,અંત:ર્ગત,દમણ જિલ્લાના સ્થાનિક કુલ,૨૫૦ નાના–સીમાંત ખેડૂતો(અનુસૂચિત જાતિ,જનજાતિ અને અન્ય/જનરલ) ને ફળોં ની કલમો/ઔષધિય અને શાકભાજી ના રોપાઓ નું નિ:શૂલ્ક વિતરણ @૧૦૦% સબસીડી, રૂપિયા ૨૦૦૦/- અધિકતમ મર્યાદા માં "વહેલાતે પહેલા ના ધોરણે" કરવા માટે ના પૂર્વ આયોજન ના ભાગ રૂપે, આપની પંચાયત વિસ્તારના ફળ/ ઔષધિય/ શાકભાજી ના પાકોની ખેતી કરતાં ખેડૂતોને લાભ લેવા માટે, જાહેર સંદેશ/જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

મહોદય, ફળોં ની કલમો/ઔષધિય અને શાકભાજી ના રોપાઓ મેળવવા માટે ખેડૂતોએ કૃષિ અનુભાગ, જિલ્લા પંચાયત,ઢોલર મોટી દમણ ની કચેરી થી તારીખ. ૨૬/૧૧/૨૦૧૨ સુધીમાં ફોર્મ,મેળવી લેવું. ફોર્મ ની સંપૂર્ણ વિગત ભરી નીચે મુજબ ના યોગ્ય પુરાવાઓ બિડાણ કરીને તારીખ. ૩૦/૧૧/૨૦૧૨ સુધીમાં ઉક્ત, કચેરી માં જમા કરાવી દેવું.

(૧) જમીન ની ૧/૧૪ ની ખરીનકલ.

(૨) રેશનકાર્ડ/ચૂંટણી ઓળખ/આધાર કાર્ડ ની ખરીનકલ.

સંપૂર્ણ વિગત સહ પુરાવાઓ સાથે ના ફોર્મ, પ્રાપ્ત થયા પછી, વિભાગ ની સંપૂર્ણ કાર્યવાહી પૂરી થયાબાદ પસંદ થયેલ ખેડૂતોને ફળોં ની કલમો/ઔષધિય અને શાકભાજીના રોપાઓ મેળવી લેવા માટે ની જાણ કરવામાં આવશે.

વિસ્તરણ અધિકારી(ખેતી)

કૃષિ અનુભાગ,જીલ્લા પંચાયત,

મોટી દમણ.

નકલ રવાના :-

૧. સરપંચ /સેક્રેટરી, જરૂરી કાર્યવાહી સાથે સ્થાનિક ખેડૂતો જાણ કરવા બાબત .

૨. પ્રમુખ શ્રી, જિલ્લા પંચાયત, દમણ .

૩. મુખ્ય જિલ્લા પંચાયત અધિકારી, દમણ.

૪. તાલુકા વિકાસ અધિકારી, દમણ.

૫. સભ્ય શ્રી, જિલ્લા પંચાયત, દમણ .

૬. ક્ષેત્રિય કૃષિ અધિકારી,દમણ .

૭. નોટીસ બોર્ડ, જી.પ.દમણ.

૮. N.I.C દમણ, સરકારી વેબસાઇટ ઉપર રાખવા અનુરોધ.